સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# મીરાબાઈના પદોમાં ભક્તિ, અધ્યાત્મનો બોધ છુપાયેલો છે

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

સમાજમાં એક પ્રચલિત માન્યતા છે કે ધર્મ, અધ્યાત્મ અને વેદાંતની ઊંચી-ઊંચી, અઘરી વાતો તો પંડિતો અને વિદ્વાનો જ કરી શકે, બીજાનું ગજું નહીં. પરંતુ પૂર્વજન્મના સંસ્કારોનું ભાથું, ગુરુકૃપા, ચિંતન, મનન અને ઈશ્વર પ્રત્યેના અગાધ પ્રેમના પગલે કેટલાય સંતો અને ભક્તો થઈ ગયા. જેમની વાણી, ભજનો અને પદોની રચનાઓ બિલકુલ સરળ લોકભાષામાં હોવા છતાં તેમાં જ્ઞાન, કર્મ, ભક્તિ, યોગ, અદ્વૈત અને અધ્યાત્મ ભરપૂર પ્રમાણમાં છે. તેને સમજવા ગુરુકૃપા અને યોગ્ય દૃષ્ટિ ખૂબ ઉપયોગી બને છે. આપણા ભક્તરાજ નરસિંહ મહેતા, ગંગા સતી, પાનબાઈથી માંડીને સંત કબીર, રૈદાસ, મીરાબાઈ, મુક્તાબાઈ જેવાં અનેક નામો ગણાવી શકાય, જેઓ કોઈ શાળા કે વિદ્યાલયમાં ગયાં નહોતાં કે ઔપચારિક શિક્ષણ મેળવ્યું નહોતું. પરંતુ સમાજ અને વ્યવહારુ જીવનની વાતોને રૂપક બનાવી ધર્મબોધ આપ્યો. તેમનાં પદો અને રચનાઓ આજે પણ લોકોમાં જાણીતી છે, ગવાય છે અને ટાંકવામાં આવે છે.



આ સપ્તાહમાં મીરાબાઈની જન્મજયંતી છે. ભગવાન શ્રીકૃષ્ણની પ્રખર ભક્ત અને સંતશિરોમણિ, પ્રેમયોગિનીનું બિરુદ પામેલાં મીરાબાઈનાં કેટલાંક પદો અને ભજનો ખૂબ જાણીતાં છે. જેમાં 'બોલ મા, બોલ મા, બોલ મા રે, રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા', 'ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે' અને 'જૂનું તો થયું રે દેવળ, જૂનું તો થયું; મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું' જેવાં ભજનોનો સમાવેશ થાય છે.

આ ભજનોમાં દેહની ક્ષણભંગુરતા, આત્મા અને પરમાત્માના અદ્વૈતનો ભાવ તથા પોતે જીવાત્મા અને શ્રીકૃષ્ણ પરમાત્મા (પતિ) હોવાનો બોધ મળે છે. મીરા સગુણ સ્વરૂપે ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરે છે. તેમની ભક્તિનો મુખ્ય આધાર જીવાત્મા અને પરમાત્માના મિલનનો ભાવ છે. પોતાને દાસી કે પ્રેમિકા માનીને શ્રીકૃષ્ણમાં વિલીન થવાની ઈચ્છા રાખે છે.

'એ રી, મૈં તો પ્રેમ દિવાની, મેરા દરદ ન જાને કોઈ' પદમાં પ્રભુપ્રેમની દિવાની મીરાને પ્રભુના મિલન માટેના વિરહનું દુ:ખ સાલે છે. જીવ ઈશ્વરની પ્રાપ્તિ માટે ઝંખે છે. 'મેરે તો ગિરધર ગોપાલ, દૂસરો ન કોઈ' પદમાં પરમાત્મા પ્રત્યેના સંપૂર્ણ સમર્પણનો ભાવ વ્યક્ત થાય છે. એકવાર સમર્પણભાવ વિકસિત થાય એટલે અહંકાર ઓગળી જાય અને દુનિયાની બધી વસ્તુઓ પ્રત્યેની મોહમાયા ઓસરી જાય. એ જ ભાવ 'જગ સૂના સૂના લાગે રે, બિન પિયાજી' પદમાં જોવા મળે છે. જેને પ્રભુ પ્રત્યે પ્રીતિ જાગે છે, તેને દુનિયાના ભોગવિલાસ અને સાંસારિક આનંદ નિરર્થક લાગે છે.

સંત રૈદાસને પોતાના માર્ગદર્શક ગુરુ માનતાં મીરા કહે છે:

'મીરા સંત ગુરુદેવ કી કરે વંદના ખાસ, જિન ચેતન આતમ કિયો, ધન ભગવાન રૈદાસ.'

'ચેતન સત્તા સૈનિયે, દીસત ગુરુ રૈદાસ.'

મીરા માને છે કે સંત રૈદાસે જ તેમનામાં આધ્યાત્મિક ચેતના જાગૃત કરી હતી, કારણ કે ગુરુ જ અજ્ઞાનનો અંધકાર દૂર કરી શકે છે એટલે જ તેમણે ગાયું છે: 'પાયો જી મૈંને રામ રતન ધન પાયો, વસ્તુ અમોલક દી મેરે સતગુરુ, કિરપા કર અપનાયો.'

મીરાને મન 'રામરતન' એટલે ગુરુ દ્વારા અપાયેલું આત્મજ્ઞાન અને નામસ્મરણનો ખજાનો છે.

પરમાત્મા હૃદયરૂપી દર્પણમાં વસે છે. તેને જોવા માટે દૃષ્ટિને અંતર્મુખી કરવી પડે. એટલે જ મીરા કહે છે:

> મીરા માને છે કે સંત રૈદાસે જ તેમનામાં આધ્યાત્મિક ચેતના જાગૃત કરી હતી, કારણ કે ગુરુ જ અજ્ઞાનનો અંધકાર દૂર કરી શકે છે એટલે જ તેમણે ગાયું છે: 'પાયો જી મૈંને રામ રતન ધન પાયો, વસ્તુ અમોલક દી મેરે સતગુરુ, કિરપા કર અપનાયો

'હૃદય ભીતર મેં આરિસી, મુખ દેખણ કો નાહી.'

પરમાત્માને મંદિરો અને તીર્થોમાં શોધવા કરતાં આપણા હૃદયરૂપી આરસીમાં શોધો અને જુઓ. 'કિરપા કીજિયે આપણી, દાસી જાણિયે કોય' – ઈશ્વરની દાસભાવે ભક્તિ કરવી એ તેમની કૃપા પામવાનો ઉત્તમ અને સરળ માર્ગ છે, જે જન્મ-મરણના બંધનમાંથી મુક્તિ અપાવવામાં સહાયક બને છે.

આમ, મીરાબાઈનાં પદો કે ભજનો માત્ર ગાવા કે આનંદ માણવા માટે નથી, પરંતુ તેની પાછળ રહેલો ગર્ભિત સાર સમજીને જીવનમાં ઉતારવા માટે છે, કારણ કે તેમાં પ્રભુપ્રેમની પરાકાષ્ઠા છે. જ્યાં પ્રભુ અને ભક્ત વચ્ચેનો ભેદ દૂર થઈ જાય છે અને બંને એકરૂપ બની જાય છે.

મીરા ભક્તિમાર્ગે મુક્તિનો માર્ગ દર્શાવે છે. આપણી અંદર રહેલા ઈશ્વરીય તત્ત્વને શોધવાનો બોધ આપે છે. ગુરુનો મહિમા દર્શાવે છે. અહંકાર છોડીને શરણાગતિ અને સમર્પણનો માર્ગ ચીંધે છે. દુનિયાની ક્ષણભંગુરતા સમજાવી અદ્વૈતભાવ કેળવવાનું શીખવે છે.

મીરાબાઈનો જન્મ સંવત ૧૫૭૩માં રાજસ્થાનના મેડતા ખાતે રાઠોડ રતનસિંહને ત્યાં થયો હતો. એક વાયકા પ્રમાણે તેઓ અગાઉના જન્મમાં શ્રીકૃષ્ણની પરમપ્રિય સખી હતાં. તેમનાં લગ્ન ઉદયપુરના રાણા સાંગાના પુત્ર મહારાજકુમાર ભોજરાજજી સાથે થયાં હતાં. પરંતુ બાળપણથી જ કૃષ્ણભક્તિમાં રસ ધરાવતાં મીરાંએ રૂઢિચુસ્ત સમાજનાં બંધનો અને નિયમોને ફગાવીને જીવનભર કૃષ્ણભક્તિમાં લીન રહીને પોતાના આરાધ્ય ઈષ્ટદેવ પ્રત્યેનું સમર્પણ કેવું હોવું જોઈએ તે અનેક અવરોધો અને દુ:ખો વચ્ચે પુરવાર કરી બતાવ્યું.

'ઈદં ન મમ' – આ મારું નથી; બધું જ પ્રભુને સમર્પિત છે.

# ઉછળતો ઉમંગ

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

પ્રસન્નતા, સહાનુભૂતિ, સંવેદનશીલતા, લાગણી, ઉત્સાહ, ઉમંગ પરમ તત્ત્વની પ્રાપ્તિની વિવિધ ભાવધારા છે. પરમ તત્ત્વ મૂલતઃ તો નિર્ગુણ, નિરાકાર છે. એને પામવા ભાવજગતમાં પ્રવેશ કરવો પડે છે. ભાવથી પ્રભાવનો અનુભવ થાય છે એ અભિવ્યકિતનો વિષય નથી. વેદો પણ 'નેતિ નેતિ' કહી ચૂકયા છે તો સામાન્ય મનુષ્યની તો શી વિસાત?!

પરમ તત્ત્વ માણસના હ્રદયમાં જ રહેલો છે. આથી માણસ માણસના હ્દય સુધી પહોંચે, પહોંચવાનો પ્રયાસ કરે તો જાણ્યે-અજાણ્યે, આયાસે-અનાયાસે તે પરમ તત્ત્વની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકે છે. એ પ્રસન્નતા પણ કેવળ અનુભવગમ્ય, દર્શનીય, સૂક્ષ્મ છે. આજે અહીં પરમ તત્ત્વની પ્રસન્નતાની અનુભૂતિ કરાવતો એક પ્રસંગ રજૂ કરું છું.

આરાધના વર્ષોથી એક ખાનગી સંસ્થામાં નોકરી કરતી હતી. આ સંસ્થામાં ચંપકલાલ નામનો એક પટાવાળો હતો. તે ખૂબ સંનિષ્ઠાથી પોતાની ફરજ બજાવતો અને સંસ્થાનાં કોઇ પણ કર્મચારી ભાઇ-બહેન પોતાનું અંગત કામ ચીંધે તો તે પણ ચીવટાઇ રાખીને કરતો હતો. આરાધનાએ વાતવાતમાં જ ચંપકલાલે સાથે તેના ફેમિલી વિશે વાત કરી.

ચંપકલાલે કહ્યું ''આરાધનાબહેન, મારે ત્રણ દીકરીઓ અને એક દીકરો છે. એક દીકરીના આવતા મહિને લગ્ન છે.'' આ વાતને સારો એવો સમય પસાર થઇ ગયો. પોતાની ફરજ બજાવતાં બજાવતાં ચંપકલાલ બધાં જ ભાઇ-બહેનો સાથે આત્મીયતાથી વાતો કરતો અને વર્તતો.



> પ્રસન્નતા, આનંદ, ઉમંગ, ઉત્સાહ પરમાત્માના અગોચર, અગમ્ય,અદીઠ પ્રદેશ સુધી પહોંચવાનો સેતુ છે. પરમાત્મા સદાસર્વદા એવા સેતુ પર વિહાર કરવાની મતિ, ગતિ, શકિત, પ્રેરણા આપે તેવી અભ્યર્થના છે

એક દિવસ આરાધનાને વિચાર આવ્યો કે, મારાં કેટલાંક ઝાંખાં અને જૂનાં થઇ ગયેલાં ડ્રેસ અને સાડીઓ છે તે આ ચંપકલાલને આપી દઉં, જેથી તેની પત્ની અને દીકરીઓને પહેરવા કામ લાગશે.

આરાધનાએ પોતાના મનની આ વાત ચંપકલાલ સમક્ષ રજૂ કરી અને પૂછ્યું: ''ચંપકલાલ, મારી સાડી, ડ્રેસ છે તે આપું? સ્વીકારશો?'' ચંપકલાલે ખૂબ જ ત્વરાથી, ક્ષણનાય વિલંબ વિના, ખૂબ જ પ્રસન્નતાથી હા કહી. આરાધનાએ ઘેર જઇ પોતાની જૂની પણ સારી સાડીઓ, ડ્રેસ પણ જૂના, પણ સારા ડ્રેસનો ઢગલો કર્યો. પોટલું બાંધ્યું. બીજા દિવસે ઓફિસમાં જઇ આરાધનાએ ચંપકલાલને વાત કરી અને તે લેવા માટે ઘેર આવવા જણાવ્યું. ચંપકલાલ ઘેર આવી પોટલું લઇ ગયા.

આ વાતને ઘણો સમય પસાર થઇ ગયો. લગ્ન પછી પહેલી વાર ચંપકલાલની દીકરી પિયર આવી. વાતવાતમાં ચંપકલાલે જણાવ્યું કે એને આપવા માટે મારી પાસે કંઇ નથી. ચંપકલાલ આત્મીયતાથી બધાની સાથે વર્તતો અને મનની મૂંઝવણો પણ કહેતો. આરાધનાને ફરી વિચાર આવ્યો અને તેણે પોતાના ડ્રેસ અને સાડીઓ આપી. દીકરી એ લઇને સાસરે ગઇ. દીકરીના સાસરામાં પિતાનું સારું કહેવાયું.

પછી તો આ સિલસિલો વારંવાર ચાલુ રહ્યો. દીકરી સાસરેથી આવે એટલે ચંપકલાલ આરાધનાને કહેતો, ''બહેન, મારી દીકરી આવી છે. તમારી પાસે કંઇ હોય તો કાઢજો.'' આરાધના એના જૂના ડ્રેસ- સાડી, પર્સ, માથાની પીન, બક્કલ બધું જ આપતી. ચંપકલાલ હોંશે હોંશે લઇ જતો અને દર વખતે એક જ વાત કહેતો.

''બહેન, મારા ઘરમાં તો ઉમંગ ઉમંગ થઇ ગયો.''

આરાધનાને આ 'ઉમંગ' શબ્દ હ્દયસોંસરવો ઊતરી જતો. કોઇના ઉમંગ બદલ એનું હૈયું પણ અંદરના આનંદથી ઝૂમી ઊઠતું.અહીં નોંધપાત્ર અને મહત્ત્વની વાત છે તે ઉમંગની. જયારે આ ને આવો નાનો-મોટો ઉમંગ માણસના હ્દયને જ નહીં, તેના સમસ્ત અસ્તિત્વને-જીવનને સભર બનાવી દે એ માણસનું કર્તવ્ય છે. ફરજ છે.

માણસાઇ છે. અગાઉ કહ્યું તેમ પરમાત્મા માણસના હ્દયમાં વસે છે. માણસ જયારે માણસના હ્દયને, એના જીવનને આવા આનંદ, ઉત્સાહ, ઉમંગથી ભરી દે ત્યારે એ ઉંમગ જે તે માણસનો તો ખરો પણ સાથે સાથે એ ઉમંગ માણસના હ્દયમાં રહેલા પરમાત્મા પણ આનંદ-ઉમંગથી ઝૂમી ઊઠે છે. એ આનંદ, ઉમંગ એક માણસના માધ્યમથી અન્ય અનેકને ઉમંગથી ઉભરાવી દે એ આનંદની, પરમાનન્દની મહત્ત્વની વાત છે.

માણસ પોતાના જીવનમાં આવી અનેક ઉમંગ-આનંદપ્રેરિત ક્ષણોનું સર્જન કરી શકે છે, જે સર્જનહાર સુધી પહોંચે છે. પ્રસન્નતા, આનંદ, ઉમંગ, ઉત્સાહ પરમાત્માના અગોચર, અગમ્ય, અદીઠ પ્રદેશ સુધી પહોંચવાનો સેતુ છે. પરમાત્મા સદાસર્વદા એવા સેતુ પર વિહાર કરવાની મતિ, ગતિ, શકિત, પ્રેરણા આપે તેવી અભ્યર્થના છે.